સરકારના પ્રયત્નથી સમાજમાં સંવાદિતા : રૂપાણી

સરકારના હકારાત્મક વલણથી હાર્દિકના જામીન સરળ બન્યા

અમદાવાદ, તા.૮

ભાજપા પ્રદેશ અધ્યક્ષ વિજયભાઈ રૂપાણીએ જણાવ્યું હતું કે, રાજય સરકારના હકારાત્મક અભિગમ અને વિદ્યાયક વલણને પરિણામે હાર્દિક પટેલના જામીન સરળ બન્યા છે અને નામદાર કોર્ટે જામીન આપ્યા છે. રૂપાણીએ જણાવ્યું કે, ભાજપા અને રાજય સરકારના પ્રયત્નોથી સર્વે સમાજો વચ્ચે સંવાદિતા જળવાઈ છે અને મુખ્યમંત્રી યુવા સ્વાવલંબન યોજના અંતર્ગત વિદ્યાર્થીઓની ટ્યુશન ફી ઉપરાંત હોસ્ટેલ ફીની પણ વ્યવસ્થા રાજય સરકારે કરી સમાજના જરૂરિયાતમંદ વિદ્યાર્થીઓને ઉચ્ચ અભ્યાસની તક પુરી પાડી છે. આ ઉપરાંત પ્રવર્તમાન એસ સી, એસટી કે ઓબીસી વર્ગના એકપણ ટકો અનામત ઓછી કર્યા સિવાય બિનઅનામત વર્ગ માટે આર્થિક ધોરણે ૧૦ ટકા જોગવાઈનો આ વર્ષથી જ અમલ કરાવી સમસ્યાનું નિરાકણ કર્યું છે.

રાજય સરકારના હકારાત્મક વલણ અને સામાજીક આગેવાનો સાથેના સંવાદથી અત્યાર સુધીના તમામ તબક્કે સાનુકુળ ઉકેલની દિશામાં આગળ વધ્યા છીએ. હાર્દિક પટેલના સાથીદારો દિનેશ, ચિરાગ અને કેતન પટેલને રાજય સરકારે સકારાત્મક અભિગમ દાખવી જેલમાંથી મુક્ત થવાનો માર્ગ મોકળો કર્યો હતો. ત્યારબાદ લાલજી પટેલ પણ જેલમાંથી મુક્ત થાય તે માટે રાજય સરકારે વિધાયક વલણ દાખવ્યું હતું. આજે પણ રાજય સરકારે હાર્દિક પટેલને જામીન મળે તે પ્રકારનું વલણ દાખવ્યું જેને પરિણામે નામદાર કોર્ટ દ્વારા જામીન અપાયા છે. હવે આંદોલન સાથે સંકળાયેલ મોટાભાગના લોકો જેલમુક્ત થયા છે. આથી આશા રાખીએ છીએ કે સરકારે જે પ્રકારે ઉદાર વલણ દાખવી સમસ્યાના ઉકેલ માટે પ્રયત્નો કર્યા છે તેમ આંદોલન સાથે સંકળાયેલા લોકો પણ સકારાત્મક અભિગમથી સાનુકૂળ વાતાવરણ સામાજીક સંવાદીતા જળવાય અને સૌ આગળ વધે તેમાં જોડાય તેમ વિજયભાઈ રૂપાણીએ ઉમેર્યું હતું.

માણસા તાલુકાના રિદ્રોલ ગામે વીજળી પડવાથી થયેલ અવસાનને લઈ આજે મૃતકના પરિવારને જિલ્લાતંત્ર દ્વારા રૂ. ૪ લાખની સહાયનો ચેક ઈન્ચાર્જ જિલ્લા વિકાસ અધિકારી જયશ્રીબેન દેવાંગણે અસરગ્રસ્ત પરિવારના મહિલા મોભીને આપ્યો હતો.

રાજ્યના પોલીસ તંત્રમાં તોળાઈ રહેલા ધરખમ ફેરફારો

કેન્દ્રમાં પ્રતિનિયુક્તિ પરથી આઈપીએસ અધિકારી કેશવકુમાર ગુજરાત કેડરમાં પરત

ગાંધીનગર, તા. ૮

રાજ્યના પોલીસતંત્રમાં આગામી ટુંક સમયમાં બઢતી અને બદલીનો દોર શરૂ કરીને ધરખમ ફેરફારો કરવામાં આવે તેવી શક્યતાઓ સેવાઈ રહી છે.

ગૃહ વિભાગ સાથે સંકળાયેલ સૂત્રો પાસેથી પ્રાપ્ત વિગતો મુજબ રાજ્યના પોલીસતંત્રમાં ઉચ્ચ સંવર્ગની કેટલીક જગ્યાઓ છેલ્લા કેટલાક સમયથી ખાલી છે. આ જગ્યાઓ નિયમીત નિમણુંકથી ભરવાને બદલે ચાર્જથી ચાલે છે.

આ ઉપરાંત થોડા સમય અગાઉ કેટલાક ડીઆઈજીને આઈજીમાં બઢતી આપીને તેમને તે જ જગ્યાએ નિમણુંકો આપવામાં આવી હતી. જેના કારણે ડીઆઈજી સંવર્ગમાં બઢતી આપવાની થાય છે.

સૂત્રો પાસેથી પ્રાપ્ત વિગતો મુજબ ગુજરાત કેડરના કેટલાક આઈપીએસ અધિકારીઓ કેન્દ્ર સરકારમાં પ્રતિનિયુક્તિ પર ગયા છે. જે પૈકી કેટલાક અધિકારીઓની પ્રતિનિયુક્તિની સમયમર્યાદા પૂર્ણ થતાં કેટલાક અધિકારીઓ હવે ગુજરાતમાં પરત આવશે.

સૂત્રો પાસેથી પ્રાપ્ત વિગતો મુજબ કેન્દ્રમાં મુંબઈ સીબીઆઈના સંયુક્ત નિયામક તરીકે પ્રતિનિયુક્તિ પર ગયેલા ૧૯૮૬ની બેચના આઈપીએસ અધિકારી કેશવકુમારની કેન્દ્રમાં પ્રતિનિયુક્તિનો સમય પૂર્ણ થતાં તેઓ ગુજરાત કેડરમાં પાછા ફર્યા છે.

દેહદાનમાં અગ્રેસર મહેસાણાનો ચંદુલાલ પટેલ પરિવાર

૯૦ વર્ષીય ઈચ્છાબા, ચંદુલાલ પટેલ ૬૫ વર્ષીય, ગંગાબેન ૬૨ વર્ષીય અને ૬૦ વર્ષીય ભગુભાઈ સૌએ દેહદાનનું કર્યુ વસિયતનામુ

મહેસાણા, તા. ૭

ઉત્તર ગુજરાતના હૃદયસમા મહેસાણા જિલ્લાના મહેસાણા શહેરના પરા વિસ્તારના ચંદુલાલ પટેલ પરિવારે દેહદાનના સંકલ્પ સાથે સમગ્ર માનવ સમાજને સામાજીક ક્રાંતિની દિશામાં એક નવો રાહ ચિંધ્યો છે તે અત્યંત ઉદાહરણીય છે.

રાજ્યના આરોગ્યમંત્રી નીતિનભાઈ પટેલની પ્રેરણાથી મહેસાણાના સામાજીક આગેવાન ચંદુલાલ કેશવલાલ પટેલ (કકાસણવાળા પરિવારના મોવડી) ઉં.વ. ૬૫ અને તેમના પરિવારના વડીલ એવા સૌ સભ્યોએ પોતાના મૃત્યુ પછી, દેહદાન માટેનું વસિયતનામુ કરીને, સામાજીક ચેતનાની દિશામાં એક મહત્વપૂર્ણ નિર્ણય લીધો છે.

ચંદુલાલ પટેલની સાથે તેમના મૃતશ્રી ઈચ્છાબા (ઉં.વ. ૯૦), ધર્મપત્ની ગંગાબેન (ઉં.વ.૬૨) ને લઘુબંધુ ભગુભાઈ પટેલ (ઉં.વ.૬૦) સૌએ પોતાનું વિલ યાને વસિયતનામુ કરીને તેમના વારસદારો, કુટુંબીજનો, સગાંઓ તેમજ મિત્રોને જણાવી દીધું છે કે, તેમના મૃત્યુ બાદ એમના મૃતદેહોનું દાન મહેસાણા જેસીસ ચેરીટેબલ ટ્રસ્ટને પ્રાપ્ત થશે. જે સંસ્થા મૃત્યુના સંજોગોમાં આ પટેલ પરિવારના મૃતદેહોનો કબજો લઈ મેડીકલ સાયન્સ તથા માનવજીવનના દુઃખો-દર્દોને ઓછા કરવા માટેના વૈજ્ઞાનિક સંશાધનો અને અભ્યાસના હેતુ માટે સરકારી મેડિકલ કોલેજના અધિકૃત અધિકારીઓ સોંપશે.

સ્વામી વિવેકાનંદથી માંડીને સૌ સંત પુરૂષોએ સમાજ સુધારણાનો માર્ગ ચીંધ્યો છે. કિન્તુ એ માર્ગે ચાલવું અને હકીકતમાં તેને અનુસરવું કામ વાસ્તવમાં ઘણું કઠીન હોય છે. આ સંજોગોમાં મહેસાણાના સામાજીક આગેવાન ચંદુલાલ પટેલ અને પરિવારે જે હિંમતભર્યુ કદમ ઉઠ્વાયું છે, તે અભિનંદનીય અને ગૌરવની ઘટના છે.

હિન્દુ - મુસ્લિમ સમાજની કોમી એકતા વધુ સુદૃઢ બને અને બંને સમાજના લોકો પરસ્પરે ક બીજાને ઈદની મુબારક બાદી પાઠવી શકે તે માટે છેલ્લા કેટલાક વર્ષોથી પાટણ શહેરમાં પાટણ શહેર કોંગ્રેસ માઈનોરીટી ડિપાર્ટમેન્ટના ચેરમેન અને સામાજિક કાર્યકર હુસેનમિયાં બી. સૈયદ દ્વારા રમઝાન ઈદ નિમિત્તે 'ઈદ મિલન' કાર્યક્રમનું આયોજન કરવામાં આવે છે. આ વર્ષે પણ બુકડી ચોકમાં શ્રી કેશવવાડીમાં ઈદ મિલન સમારંભનું આયોજન કરવામાં આવ્યું હતું જેમાં હિન્દુ મુસ્લિમ આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા.

આજે કોંગ્રેસ દ્વારા તાલુકા મથકે દેખાવો કરાશે

ગાંધીનગર, તા. ૮

ગુજરાતની નિષ્ફળ ભાજપ સરકાર દ્વારા ૫૦૦૦૦ કર્મચારીઓની ભરતી કૌભાંડને ખુદ ભાજપના આગેવાન અને કૌભાંડી એવા ચંપાવત દ્વારા આક્ષેપો કરાયો હોવા છતા મુખ્યમંત્રી અને શિક્ષણમંત્રીના પેટનું પાણી પણ હલતું નથી, ઉપરાંત નાની-નાની બાબતોમાં ભાજપ અને સરકારના પ્રવક્તાઓ છાશવારે પ્રેસ-મીડિયા સામે આવી જતા હોય છે. પરંતુ કૌભાંડી ચંપાવતના ખુલ્લે આમ પુરાવા સાથે કરેલા આક્ષેપોને એક અઠવાડિયું થયું હોવા છતાં આ મામલે સરકારે અને ભાજપે ધારણ કરેલું મૌન ખુંચે તેવું છે અને તેમની કહેવાતી નિષ્ઠા ઉપર શંકા ઉપજાવે છે. જેના પરિણામે આ આધળી અને બેરી ગુજરાતની ભાજપ સરકાર સામે બેરોજગાર યુવાનોમાં આક્રોશ પેદા થયો છે, જેથી આ યુવાનોના આ આક્રોશને વાચા આપવા બાબતે અને આ કથિત ભ્રષ્ટાચારને ઉજાગર કરવા ગાંધીનગર જીલ્લા કોંગ્રેસ દ્વારા તાઃ ૯/૭/૨૦૧૬ ના રોજ દેહગામ તાલુકાના રખિયાલ ગામે સવારે ૯ કલાકે, સત્યાગ્રહ છાવણી સે-૬ ખાતે ૧૧ કલાકે અને કોંગ્રેસ કાર્યાલય માણસા ખાતે બપોરે ૧ કલાકે ધરણા તેમજ વિરોધ પ્રદશન યોજાશે તેમજ આ સાથે સૌરાષ્ટ્રના સંત શ્રી કરશનબાપુ દ્વારા ભાજપ સરકારે આપેલા વચનો બાબતે યોજેલ ''ઉઘરાણી યાત્રા''નું પણ ઉપરોક્ત ત્રણેય તાલુકા મથકે/સમયે ભવ્ય સ્વાગત કરાશે જેથી સૌ કોંગ્રેસ કાર્યકરો- આગેવાનોએ જે તે તાલુકા મથકે સાથી કાર્યકરો સાથે મોટી સંખ્યામાં ઉપસ્થિત રહેવા તાલુકા-જીલ્લા-શહેર કોંગ્રેસે અનુરોધ કર્યો છે.

વિભાગો હેઠળ રચાયેલ સોસાયટીઓ ટ્રસ્ટોની બેઠકો નિયત સમયે મળતી નથી

ગાંધીનગર, તા.૮

વિભાગો હેઠળ રચવામાં આવેલ ટ્રસ્ટો સોસાયટીઓની બેઠકો નિયમિત નહી મળતી હોવાનું સરકારના ધ્યાન પર આવતા રાજયસ ારકારે ગંભીર નોંધ લઈને નિયમિત બેઠકો બોલાવવા અંગેની સૂચનાઓ આપવામાં આવી છે.

નાણા વિભાગ સાથે સંકળાયેલ સૂત્રો પાસેથી પ્રાપ્ત વિગતો મુજબ રાજય સરકારના જુદા જુદા વિભાગો હેઠળ સોસાયટીઓ અને ટ્રસ્ટોની રચનાઓ કરવામાં આવી છે.

વિભાગો હેઠળની સોસાયટીઓ અને ટ્રસ્ટોની બેઠક અંગે રાજય સરકારે સમીક્ષા કરી હતી જે દરમિયાન સરકારના ધ્યાન પર એવું આવ્યું કે વિભાગો હેઠળ રચવામાં આવેલ સોસાયટીઓ અને ટ્રસ્ટોની બેઠકો નિયમિત મળતી નથી.

આ બાબતની ગંભીર નોંધ લઈને રાજય સરકારે સંબંધીત વિભાગોને તેમના વિભાગ હેઠળ રચવામાં આવેલ સોસાયટીઓ અને ટ્રસ્ટોની બેઠકો નિયત સમયે બોલાવવામાં આવે તે પ્રકારની કાર્યવાહી કરવા માટેની કડક સૂચનાઓ આપવામાં આવી છે.

સૂત્રો પાસેથી પ્રાપ્ત વિગતો મુજબ આ ઉપરાંત રાજય સરકાર અને કેન્દ્ર સરકારની કેટલીક યોજનાઓની કામગીરીની સમીક્ષા માટે ઉચ્ચ સ્તરીય સમિતિઓની બેઠકો પણ સમયસર બોલાવવા માટેની સૂચનાઓ સંબંધીત વિભાગોને આપવામાં આવી છે. વિગતો મુજબ જુદા જુદા વિભાગો હેઠળ અંદાજે ૧૦થી વધુ સોસાયટીઓ અને ટ્રસ્ટોની રચના કરવામાં આવેલી છે.

મહેસાણામાં ૬૭ કરોડના વિકાસ પ્રકલ્પોના ખાતમુહૂર્ત

મહેસાણા, તા. ૮

મહેસાણા શહેરમાં ૧૦ જુલાઈ ૨૦૧૬ના રોજ સાંજે ૪.૦૦ કલાકે માનવ આશ્રમ ચાર રસ્તા પાસે વિસનગર રોડ મહેસાણા ખાતે ૬૭ કરોડના વિકાસ કામોના ખાતમુહૂર્ત અને લોકાર્પણ થનાર છે. જેમાં ૧૦ કરોડના ખર્ચે તૈયાર થયેલ મહેસાણાથી રામપુર ચોકડી સુધીનો ચારમાર્ગીય રસ્તો તથા મહેસાણા શહેરના પરાથી સાંઈબાબા તરફ ખારી નદી ઉપર નવિન પુલના કામનું લોકાર્પણ ૪ કરોડના ખર્ચે તૈયાર થયેલ માનવ આશ્રમ ચોકડીથી દેલા ગામ સુધી બનેલ ચાર માર્ગીય રસ્તા તથા સ્ટ્રીટલાઈટના કામનું લોકાર્પણ ૧.૫૦ કરોડના ખર્ચે નવીન તૈયાર થયેલ હેબુવા-ખેરવા રોડનું લોકાર્પણ ૨ કરોડના ખર્ચે બનાવેલ સાંગણપુરથી કોચવા નવિન રોડનું લોકાર્પણ, ૬ કરોડના ખર્ચે બનાવેલ લાખવડ-કુકસ-પુનાસણથી સ્ટેટ હાઈવે સુધી ૭ મીટર પહોળો કરેલ રોડનું લોકાર્પણ થનાર છે.

આ ઉપરાંત ૨૫ કરોડના ખર્ચે મહેસાણાથી દેલા થી વિસનગરના રસ્તાને ચાર માર્ગીય બનાવવાનું ખાતમુહૂર્ત ૬ કરોડના ખર્ચે મોટપથી મીઠા રસ્તા પરના મગુના ગામ પાસે ખારી નદી ઉપર નવિન પુલનું ખાતમુહૂર્ત, ૭ કરોડના ખર્ચે આખજથી મુલાસણ થઈ ધારૂસણા-ઉદલપુર રોડને ૭ મીટર પહોળો કરવાના કામનું ખાતમુહૂર્ત અને ૫.૫૦ કરોડના ખર્ચે બનનાર કામલપુરથી પઢારીયા થઈ ગોઝારીયા રોડ સુધીનો રસ્તો ૭ મીટર પહોળો કરવાના કામનું ખાતમુહૂર્ત થનાર છે.

૧૦ જુલાઈ ૨૦૧૬ને રવિવારના રોજ માનવ આશ્રમ ચાર રસ્તા પાસે સાંજે ૪.૦૦ કલાકે ૨૩.૫૦ કરોડના વિકાસ કામોના લોકાર્પણ અને ૪૩.૫૦ કરોડના ખાતમુહૂર્ત મળી ૬૭ કરોડના કામો થનાર છે.

વિકાસ પ્રકલ્પોના આ કામોમાં આરોગ્ય મંત્રી નિતીનભાઈ પટેલ, ગૃહરાજ્યમંત્રી રજનીકાન્ત પટેલ, સંસદીય સચિવ ભરતસિંહ ડાભી, સાંસદ જયશ્રીબહેન પટેલ, ધારાસભ્ય સર્વ નારાયણભાઈ પટેલ, ઋષિકેશ પટેલ સહિત આગેવાનો, પદાધિકારીઓ ઉપસ્થિત રહેનાર છે. આ કાર્યક્રમમાં ઉપસ્થિત રહેવા સચિવ માર્ગ અને મકાન વિભાગની અખબારી યાદીમાં જણાવાયું છે.

અમદાવાદ મેડિકલ એસોસિએશન દ્વારા વિમેન્સ કોન્ફરન્સ યોજાશે

ગાંધીનગર, તા. ૮

અમદાવાદ મેડિકલ એસોસિએશન વુમન ડૉક્ટર વિંગ દ્વારા જીએસબી-આઈએમએનાં નેજા હેઠળ તા. ૧૦ જુલાઈ, ૨૦૧૬નાં રોજ દ્વિતિય ઈવ વિમેન્સનું આયોજન કરવામાં આવ્યું છે. આ કોન્ફરન્સમાં મહિલાઓ તેમના અને તેમના પરિવારનાં સ્વાસ્થ્યની સારી રીતે સારસંભાળ લઈ શકે અને સુગમ તેમજ સુખી જીવન જીવવા માટે સલામતીનાં કેવા પગલાં લેવા જરૂરી છે તેવા વિષયોને આવરી લેવામાં આવશે.

વુમન ડૉક્ટર્સ વિંગ તેમજ કોન્ફરન્સનાં ચેરપર્સન ડૉ. મોના દેસાઈએ જણાવ્યું હતું કે, 'આજના સમયમાં મહિલાઓ શિક્ષિત, નાણાંકીય રીતે સ્વતંત્ર અને હિંમતવાન હોય તેની તાતી જરૂરિયાત છે. મહિલાઓ પોતાના નિર્ણયો જાતે કરે અને બીજા પર તે નિર્ણયો માટે અવલંબિત ના બને તે પણ જરૂરી છે.'

ડૉ. મોના દેસાઈએ જણાવ્યું કે, 'આ કોન્ફરન્સમાં મહિલાનાં જીવનકાળ દરમિયાન જોવા મળતી સામાન્ય બિમારીનાં લક્ષણો અંગે ખાસ ચર્ચા કરવામાં આવશે. ઝડપી જીવન અને ખાવા-પીવાની ખરાબ આદતો, અનિયમિત ઊંઘનું વલણ જેવા મુદ્દાઓને કારણે સ્ત્રીને ઘણી નાની ઉંમરમાં કમરના દુઃખાવા, આર્થાઈટીસ અને સાંધાના દુઃખાવાઓ, હાયપરટેન્શન, હાઈ કોલસ્ટેરોલ, હાયપોથાયરોડિઝમ વગેરે રોગોનો સામનો કરવો પડે છે. આ ઉપરાંત વિવિધ પ્રકારનાં કેન્સર ઉદભવવાના પ્રસંગો પણ વધી રહ્યા છે. નિષ્ણાતો દ્વારા આ પ્રકારના રોગો અંગે શ્રેષ્ઠ માર્ગદર્શન પુરૂ પાડવામાં આવશે અને રોજબરોજની જીવનશૈલીમાં તે કેવી રીતે મદદરૂપ થાય તેની પણ ચર્ચા કરવામાં આવશે.

આપણા જીવનમાં સ્માર્ટફોન અંતરંગ ભાગ બની ગયા છે. નિષ્ણાંતો દ્વારા વિવિધ એપ્સનાં ઉપયોગ દ્વારા આપણા જીવનને કેવી રીતે સરળ બનાવી શકાય તેની પણ વાત કરવામાં આવશે.

આ કોન્ફરન્સમાં ગુજરાતમાંથી લેડી ડૉક્ટરો તેમજ નોન ડૉક્ટરો ભાગ લેશે. મેડિકલ કાઉન્સિલ ઓફ ઈન્ડિયાનાં પ્રેસિડેન્ટ ડૉ. જયશ્રીબેન મહેતા, એમ.એસ. એફઆરસીએસ મુખ્ય અતિથિ તરીકે અને રાજકોટનાં પ્રથમ લેડી એક્સ મેયર ડૉ. ભાવનાબેન જોશીપુરા અતિથિવિશેષ તરીકે ઉપસ્થિત રહેશે.

નડિઆદની યુરોલોજીકલ-કિડની હોસ્પિટલને આરોગ્ય ક્ષેત્રે નામાંકિત એનએબીએચની માન્યતા મળી

નડિઆદ, તા. ૭

નડિઆદ સ્થિત પ્રસિદ્ધ મુળજીભાઈ પટેલ યુરોલોજીકલ કિડની હોસ્પિટલને આરોગ્ય ક્ષેત્રે ઉત્કૃષ્ટ ગુણવત્તાયુક્ત તબીબી સેવા પુરી પાડતી હોસ્પિટલને અપાતી નેશનલ એક્રિડિટેશન બોર્ડ ફોર હોસ્પિટલ્સ એન્ડ હેલ્થકેર પ્રોવાઈડર્સ (NABH)ની માન્યતા પ્રાપ્ત થઈ છે.

નડિઆદની એમપીયુએચ હોસ્પિટલના મેડિકલ ડિરેક્ટર અને મેનેજીંગ ટ્રસ્ટી ડૉ. મહેશભાઈ દેસાઈએ જણાવ્યું હતું કે આરોગ્ય ક્ષેત્રે રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય સ્તરની તબીબી સેવાઓ અને માળખાગત સુવિધાઓથી સુસજ્જ નડિઆદની મૂળજીભાઈ પટેલ યુરોલોજીકલ કિડની હોસ્પિટલને NABHની માન્યતા પ્રાપ્ત થતા હોસ્પિટલે તેની વિશ્વસનીયતાની દિશામાં વધુ એક સોપાન સર કર્યું છે. જેનો મહત્વનો લાભ દર્દીઓને ઉપલબ્ધ થઈ શકશે. દર્દીઓને અપાતી ઉત્કૃષ્ટ સારવાર, તેમની સલામતી અને હોસ્પિટલના તબીબી સ્ટાફની સેવાઓ માળખાગત સુવિધાઓનું અવારનવાર નિયમીત થતું મુલ્યાંકન વગેરે બાબતોના આધારે (NABH)નું પ્રમાણપત્ર પ્રાપ્ત થાય છે. જે આરોગ્યક્ષેત્રે કાર્યરત આંતરરાષ્ટ્રીય સંસ્થાના ધોરણોને પણ અનુસરે છે.

અત્રે ઉલ્લેખનીય છે કે નડિઆદની મુળજીભાઈ પટેલ યુરોલોજીકલ કિડની હોસ્પિટલ છેલ્લા ૧૭ વર્ષથી આઈએસઓ ૯૦૦૧ની માન્યતા ધરાવે છે. આ ઉપરાંત વર્ષ ૨૦૧૧માં આરોગ્ય ક્ષેત્રે ઉત્તમ સેવા બદલ રામકિષ્ન બજાજ નેશનલ ક્વોલીટી ટ્રોફી પણ આ હોસ્પિટલને મળેલી છે.

આઈઆઈએમટીએસના સહયોગથી અમદાવાદ મ્યુ. કોર્પોરેશનના સુપરવાઈઝરી વર્ગના કર્મચારીઓની વ્યક્તિગત અસરકારકતા વધારવા માટેનો વર્કશોપ યોજાયો

અમદાવાદ, તા. ૮

અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન (એએમસી)નાં સુપરવાઈઝરી વર્ગનાં કર્મચારીઓની વ્યક્તિગત અસરકારકતા વધારવા માટેનો કૌશલ્ય વિકાસ કાર્યક્રમ આજે ઈન્ટરનેશનલ ઈન્સ્ટિટ્યુટ ઓફ મેનેજમેન્ટ એન્ડ ટેકનિકલ સ્ટડીઝ (આઈઆઈએમટીએસ)ના સહયોગમાં યોજાયો છે. તા. ૮ જુલાઈથી તા. ૧૦ જુલાઈ, ૨૦૧૬નાં રોજ યોજાઈ રહેલા આ કાર્યક્રમમાં આઈઆઈએમટીએસના પ્રેસીડેન્ટ અને જાણીતા મેનેજમેન્ટ નિષ્ણાત અતુલ પંડ્યા કર્મચારીઓને વ્યક્તિગત અસરકારકતા વધારવા ઘનિષ્ઠ માર્ગદર્શન પુરૂ પાડી રહ્યા છે.

અમદાવાદ શહેરના ડેપ્યુટી મેયર પ્રમોદાબેન સુતરિયાની પ્રેરણા અને માર્ગદર્શનથી શરૂ થયેલા આ કાર્યક્રમની થીમ 'એન્હાન્સીંગ પર્સોનલ ઈફેક્ટીવનેસ' છે. આ પ્રસંગે પ્રમોદાબેન સુતરિયાએ જણાવ્યું હતું કે, 'અમદાવાદ મ્યુ. કોર્પોરેશન દ્વારા ગયા મહિને આઈઆઈએમટીએસનાં સહયોગમાં આંગણવાડી કાર્યકર બહેનોનાં ક્ષમતા વિકાસ અને કાર્યશૈલી વધુ અસરકારક બનાવવા માટેનો આયોજન બદ્ધ તાલીમ કાર્યક્રમ યોજાયો હતો.

જામીન મંજુર

● અનુસંધાન પહેલાનું ચાલુ

પટેલ સમુદાયના આ આંદોલનમાં વ્યાપક હિંસા ભડકી ઉઠી હતી. ગુજરાતના મોટા શહેરોમાં હાર્દિક પટેલના સમર્થકોએ તોડફોડ કીર હતી. આ ગાળા દરમિયાન ગુજરાત પોલીસ ઉપર પટેલોની સામે હિંસા અને બળનો ઉપયોગ કરવાનો આક્ષેપ મુકવામાં આવ્યો હતો. આ આંદોલન બાદ ગુજરાત સરકારે કહ્યું હતું કે, તે આર્થિકરીતે પછાત સમુદાયના લોકોને ૧૦ ટકા અનામત આપશે પરંતુ એવી આશા દેખાઈ રહી નથી. ગુજરાત હાઈકોર્ટથી ગુજરાત સરકારને આ મુદ્દે મંજુરી મળે તેવી શક્યતા દેખાઈ રહી નથી. પટેલ સમુદાયના નેતાઓ પણ આનાથી ખુશ નથી. ડિસેમ્બર ૨૦૧૫માં ગુજરાત હાઈકોર્ટે હાર્દિક અને તેના ૨૨ સાથીઓની સામે રાજદ્રોહનો કેસ દૂર કર્યો હતો પરંતુ તેમના ઉપર વિદ્રોહનો મામલો રાખવામાં આવ્યો હતો જેથી હાર્દિક પટેલને જિલ્લા અને સેશન કોર્ટે જામીન આપવાનો ઈન્કાર કર્યો હતો. હાર્દિક પટેલ સામે કેટલીક શરતો લેખિતમાં લેવામાં આવી છે. ઓક્ટોબર ૨૦૧૫થી ૨૨ વર્ષીય પટેલે આંદોલન ચલાવ્યું હતું. કેસમાં સુનાવણી દરમિયાન સરકાર તરફથી ઉપસ્થિત રહેલા અરજીદારે મિતેષ અમીને હાર્દિકની જામીનનો વિરોધ કર્યો હતો અને કહ્યું હતું કે, જો તેને છોડવામાં આવશે તો તે ફરીવાર ગુનાઓ કરશે. જેલની બહાર તેની હાજરી ગુજરાતમાં કાયદો અને વ્યવસ્થાની સ્થિતિને બગાડી શકે છે. હાર્દિકના વકીલ ઝુબીન ભરદાએ કોર્ટમાં કહ્યું હતું કે, હાર્દિક છ મહિના સુધી રાજ્યની બહાર રહેવા માટે તૈયાર છે. સુનાવણી દરમિયાન સરકારે લેખિત બાંહેધરી માટેની હાર્દિકની ઓફરને સ્વીકારવાનો ઈન્કાર કર્યો હતો.હાર્દિક પટેલ અને તેના સાથીઓ સામે અગાઉ જુદી જુદી કલમો લાગૂ કરવામાં આવી હતી.

સુપ્રીમનો ઈન્કાર

● અનુસંધાન પહેલાનું ચાલુ

દિલ્હીની સરકાર દ્વારા કેટલીક દલીલો કરવામાં આવી છે. દિલ્હી એક રાજ્ય છે કે કેમ તેને લઈને દલીલ કરવામાં આવી હતી. સત્તામાં આવ્યા બાદથી કેજરીવાલ દિલ્હીને લઈને જુદી જુદી રજૂઆત કરતા આવ્યા છે. આમ આદમી પાર્ટીની દલીલ છે કે, નજીબ જંગ લોકો દ્વારા પસંદ કરવામાં આવેલી સરકારને નજર અંદાજ કરવામાં આવી રહી છે. આમ આદમીના ત્રણ ધારાસભ્યો છે તથા કેન્દ્ર સરકાર પાટનગર ઉપર નજર રાખવા માંગે છે. કેન્દ્ર અને દિલ્હી વચ્ચે ખેંચતાણ હજુ જારી રહે તેવી શક્યતા છે. સુપ્રીમ કોર્ટે કહ્યું છે કે, કેન્દ્ર અને રાજ્ય વચ્ચે ખેંચતાણ મામલે અધિકાર ક્ષેત્ર પહેલા હાઈકોર્ટ દ્વારા નક્કી કરવામાં આવશે. એએપી સરકાર તરફથી ઉપસ્થિત રહેલા વકીલની જોરદાર દલીલો છતાં બેંચે કહ્યું હતું કે, હાઈકોર્ટ બંધારણીય કોર્ટ છે. તેને આ પ્રકારના મામલાઓને હાથ ધરવાનો અધિકાર રહેલો છે. દિલ્હી સરકાર તરફથી ઉપસ્થિત રહેલા વરિષ્ઠ વકીલ ઈન્દિરા જયસિંહે બંધારણીય જોગવાઈનો મુદ્દો ઉઠાવ્યો હતો. એક કેન્દ્ર શાસિત પ્રદેશ તરીકે દિલ્હીની સત્તાઓને લઈને વાત કરવામાં આવી હતી. દિલ્હી ચૂંટાયેલી અને જવાબદાર સરકાર છે પરંતુ તેને કામ કરવાથી રોકવામાં આવી રહી છે. જયસિંહે કહ્યું હતું કે, લેફ્ટી ગવર્નર પ્રધાનો અને મુખ્યમંત્રીની સલાહ ઉપર અને સહાયતાના આધારે વહીવટી તંત્ર ચલાવે છે પરંતુ અહીં સ્થિતિ જુદી થયેલી છે. દિલ્હી સરકારે એવો પણ દાવો કર્યો હતો કે, માત્ર સુપ્રીમ કોર્ટ જ બંધારણ હેઠળ અધિકાર ક્ષેત્ર ધરાવે છે. રાજ્ય અને કેન્દ્ર સરકારની સત્તાઓ સાથે સંબંધિત મુદ્દાઓને સુપ્રીમ કોર્ટ જ હાથ ધરી શકે છે. ૨૪મી મેના દિવસે હાઈકોર્ટે એએપી સરકારની અરજી ઉપર તેનો ચુકાદો અનામત રાખ્યો હતો.

થાંભલા

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

આવ્યા છે. બીજીતરફ વન તંત્ર દ્વારા નવા વાવેતરને અનુલક્ષીને ૫ હજાર જેટલા થાંભલા તૈયાર કરાયા છે. ફેન્સીંગ માટેના થાંભલાની ગુણવત્તા હલકી હોવાથી તુટી જતા હોવાનુ પણ સ્પષ્ટ થયુ છે. ફેન્સીંગ પોલ્સ માટે નડીયાદની એજન્સીને કામ સોંપવામાં આવ્યુ હતુ. ફેન્સીંગના એક થાંભાલાની કિંમત અંદાજિત ૧૨૩ રૂપિયા જેટલી છે. આવા સંજોગોમાં વન આરક્ષિત જગ્યામાં ફેન્સીંગના થાંભલાને નુકશાન પહોંચાડતા તત્વો સામે ફરિયાદ કરી યોગ્ય તપાસ હાથ ધરવા માટે પણ ચક્રો ગતિમાન થયા હોવાનુ સુત્રોએ જણાંવ્યુ છે.

આકસ્મિક તપાસ

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

બન્યો છે. ત્યારે જિલ્લા શિક્ષણતંત્ર દ્વારા પણ શાળાઓના પરિણામમાં સુધાર આવે તે માટે જરૂરી પગલા હાથ ધરવામાં આવ્યા છે. ડી ઈ ઓ દ્વારા નબળા પરિણામ ધરાવતી શાળાઓના આચાર્યો સાથે બેઠક યોજીને એકશન પ્લાન પણ તૈયાર કરી દેવાયો છે. જયારે નબળી શાળાના શિક્ષકોની ટેસ્ટ લેવાનુ પણ આયોજન કરી દેવાયુ છે. આચાર્યો દ્વારા પરિણામ સુધારણા માટે સુચવાયેલા એકશન પ્લાનનો શાળાકક્ષાએ અમલ થાય છે કે કેમ તે અંગેની ચકાસણી માટે ડી ઈ ઓ દ્વારા આજે માણસાની નવસર્જન હાઈસ્કુલની મુલાકાત લીધી હતી. આ દરમિયાન વધારાના વર્ગો તેમજ અત્યંત નબળા વિદ્યાર્થીઓને અલગ તારવી વધારાનુ કોચિંગ આપવાની કાર્યવાહી અને અનિયમિત વિદ્યાર્થીઓના મામલે વાલીઓનો સંપર્ક સહીતની કામગીરીની યોગ્ય રીતે અમલવારી અંગે પણ જરૂરી તપાસ કરવામાં આવી હતી. ડી ઈ ઓ દ્વારા આ દરમિયાન સી ગ્રેડની પ્રાથમિક શાળાની પણ મુલાકાત લેવામાં આવી હતી.